સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૨૨૨૨૨૫૫

ઉઠે છે ચિંતાની રેખા, જુઠાણાંની અસર લાગે છે
થાય છે લાલ ટસર, પ્રેસરની અસર લાગે છે,
કસર લાગે છે એકતાની નિવેદનીયાં યુદ્ધમાં -
'બકરું' દિસે 'કુતરું' ગોબેલ્સની અસર લાગે છે..

હાઈકુ

બૌ 'ખવાઇ' ગ્યું!
લ્યો! હવે કામ કરો -
'છવીસ સીટ'
(આરામ હરામ હૈ)

હૈયાં વિનાના -
હૈયાન વાવાઝોડે -
સજર્યો વિનાશ!
(દસ હજાર મોત..)

ચિંતન

મણિર્લુઠતિ પાદાગ્રે કાચઃ શિરસિ ધાર્યતે ।
કચ વિક્રય વેલાયાં કાચઃ કાચો મણિર્મણિઃ ॥

ચાણક્ય નીતિ શાસ્ત્રનો આ શ્લોક છે :

'ક્યારે કોઇ વિશિષ્ટ અને વિચિત્ર પરિસ્થિતિમાં સાચાં રત્નને પાયજામાના નાળાંમાં જ બાંધી પગ સુધી લટકતું ચ રાખવું પડે અને કાચના ઘરેણાંને માથાં પર ધારણ પણ કરવું પડે! પરંતુ રત્ન કે આવું કાચનું ઘરેણું - ક્યારે વેચવાનો વખત આવે ત્યારે કાચ - કાચ જ રહે છે અર્થાત તેનું કોઇ મૂલ્ય આવતું નથી પણ રત્ન તો રત્ન જ રહે છે અને એનું યોગ્ય મૂલ્ય મળે છે સાથી કિંમત-કદર થાય છે.'

આજના જમાનામાં લાગવગ-દબાણ અને સરકારી અયોગ્ય કાયદાને કારણે પાત્ર કે ઉચિત વ્યક્તિઓને બદલે-અયોગ્ય-અપાત્ર-વ્યક્તિઓને સત્તા-પદ પ્રાપ્ત થઇ જાય છે.

પરંતુ કસોટીનો-કાર્ય કુશળતા બતાવવાનો જ્યારે કપરો સમય આવે ત્યારે કાચ જેવા કિંમત વિનાના માણસો યોગ્ય નિર્ણય લઇ મુશ્કેલીમાંથી માર્ગ કાઢી શકતા નથી જ્યારે નિષ્ણાત-ચતુર-બુદ્ધિમાન લાયક માણસો આવા સમયે પોતાનું કૌશલ્ય બતાવી યોગ્યતા-સિદ્ધિ પ્રાપ્ત કરી જ લે છે..

ટૂંકમાં અયોગ્ય વ્યક્તિ યેનકેન પ્રકારે સ્થાન-પદ ભલે પ્રાપ્ત કરી લે પણ મૂલ્યાંકન સમયે તો દૂધનું દૂધ અને પાણીનું પાણી થઇ જ જાય છે.

સુવિચાર

- જે ભૂતકાળમાં જીવે છે તેને કાળ ભૂત બનાવી દે છે - જય વસાવડા
- પ્યાર નહીં રહેશે તો ભક્તિનાં સહારે જીવશું, દિલરૂબા તુટી જશે તો એકતારો રાખશું - બેફામ
- પહેલા લાયક નેતૃત્વ માટે સેવા માટેનાં રઝળપાટથી પગે પડેલાં ફોલ્લા જોવામાં આવતા હતા, આજે બૂમબરાડા સાથે રદિયો આપવાની કુશળતા જેવા ગુણો નેતૃત્વ માટે ધ્યાનમાં લેવાય છે - એસ. ભટ્ટાચાર્ય
- વય વધે પણ મૃત્યુનો અહેસાસ ના થાય, વય વધે પણ ક્ષમાશીલતા, ઉદારતા ના વધે, વય વધે પણ ક્રુરતાના અચૂક ન્યાયના પાઠ ન આવડે તો સમજી લેવું કે જીવન બરબાદ થયું છે - જ્ઞાનસૂત્ર
- જીવવું એ કલા છે, બિઝનેશ નથી, જીવવામાં પ્રોફિટ એન્ડ લોસ એકાઉન્ટ નથી, બેલેન્સીટ નથી - ચંદ્રકાન્ત બક્ષી
- સાહિત્ય એ રાષ્ટ્રની જીવંત સ્મૃતિ છે, સાહિત્ય અને ભાષા રાષ્ટ્રના આત્માની રક્ષા કરે છે - એન્ડ્રોવ ચેખોવ
- દરેક માણસ ધર્મના દિશા ચિહ્નો અને ધર્મના ગુણના આધારે મૃત્યુની ઘટનાને સ્વીકારવાનો પ્રયત્ન કરતો રહે છે - ઓશો

બોધ કથા

ગરીબી હંમેશા કંગાળ કે લાચાર નથી હોતી, ગરીબીની પણ ખૂમારી હોય છે એ ખૂમારી અને તાકાત હકારાત્મક (પોઝીટીવ) વિચારથી જ સુલભ બને છે અને આવી તાકાત ભલભલા ધનિકને પણ પાણી ભરાવે છે.

બે મિત્રો હતા - એક ધનિક અને બીજો મધ્યમવર્ગી - ગરીબ સાથે જ ભણ્યા હતા પણ ધનિક મિત્રને વારસાગત ધંધો હતો જ્યારે બીજા મિત્રને નોકરી હતી. એકવાર ગરીબ મિત્રનો જન્મદિવસ આવ્યો. ધનિક મિત્રે તેને કહ્યું ચાલ મારી સાથે આજે તને જન્મદિવસની ગીફ્ટ અપાવું!

બંને મિત્રો એક મોટરગાડીના શો રૂમમાં ગયા અને ધનિક મિત્રે કહ્યું આમાંથી ગાડીનો કલર પસંદ કરી લે! ગાડી પસંદ થઇ અને ગાડીની ચાવી મિત્રને આપી - મિત્ર ખૂશ હતો..

આ બધી પ્રક્રિયા ગાડીના શોરૂમનો સેલ્સ કર્મચારી આશ્ચર્ય અને અદ્‌ભાવે જોઇ રહ્યો હતો. ધનિક મિત્રે એની નોંધ લીધી અને કહ્યું તારા મનમાં અત્યારે શા વિચાર ચાલે છે કહી દઉં?

સેલ્સમેને 'હા' પાડી. ધનિક મિત્ર કહે તને પણ એ વિચાર આવ્યો હશે કે મારો ધનિક મિત્ર મને આવી ગીફ્ટ આપે તો કેવું સારૂં?!

સેલ્સમેને કહ્યું તદ્દન ખોટું! મને એ વિચાર આવ્યો કે હું પણ મારા મિત્રને આવી ભેટ ક્યારેક આપી શકીશ!

ધનિક તારી ઉદારતા અને હૃદયની વિશાળતાને વંદન - તું ખરેખર હૃદયથી મારા કરતાં પણ વધારે ધનિક છે.

Email - sureshchandrabhatt18@gmail.com

એક નોકરીયાત વ્યક્તિ માટે મોંઘવારીના જમાનામાં બાળકોને ભણાવવાનું કેટલું અઘરૂં છે, રવજીએ તો બાળકોને ભણાવવાની સાથે સાથે માં બાપની બિમારીમાં સારવાર પણ કરી

(ગતાંકથી આગળ...)

'હું ગરીબ માણસ છું.' આપી આપીને શું આપી શકું. ભગવાને દીધેલું તમારી પાસે બધું જ છે. છતાં દીકરીના ભાગ્યનું જે હશે તે લઇને જ આવશે. તેમાં હું હાથ ક્યાંથી સંકોરી શકું. રવજી બોલ્યો. તેના ચહેરા પર સંતોષ વર્તાતો હતો.

'મોટર સાયકલ કે બીજી ઘરવખરી આપશો તે તમારા દીકરા જમાઇ જ વાપરવાના છે. અમારે તેની સાથે કોઇ નિસ્બત નથી.' નંદકિશોરે કહ્યું.

'એવું કંઇ નથી. તમે એમની વાતનું ખોટું નહીં લગાડતાં, તમે જાનૈયાઓનું માન-સન્માન જાળવશો એ અમારા માટે ઘણું છે.' પત્ની એ વાત વાળી લેતાં કહ્યું.

રવજી બધું સમજી ગયો હતો, લગ્ન માટે સુંમત ની વાત પાકી થઇ ગઇ. બ્રાહ્મણ પાસે મહૂર્ત કઢાવીને શૂકનનો રૂપિયો આપી દીધો. લગ્ન સારી રીતે અને નિર્વિઘ્ને થઇ જાય તે માટે પોતાના ભવિષ્યનિધિમાં જે રકમ હતી તે રવજીએ ઉપાડી લીધી. એ સિવાય બીજો કોઇ ઉપાય પણ નહોતો.

કર્મચારીઓ માટે વિભાગ દ્વારા સહકારી મંડળી ચાલતી હતી. તેમાંથી પણ લોન લીધી. તેના કારણે લગ્નની બધી વ્યવસ્થા થઇ ગઇ. પણ મોટર સાયકલ માટે કંઇ મેળ પડતો નહોતો. શું કરવું? તે માટે તેના મગજમાં ચિંતા સતાવતી હતી. તેને સગાં સંબંધી અને ઓળખીતાઓનો સંપર્ક કરી જોયો. જેથી નાણાંની કંઇક વ્યવસ્થા થઇ શકે. પણ લોકોએ જેટલી થઇ શકતી હતી તેટલી મદદ કરી પણ હાથ જોડ્યા.

એક નોકરીયાત વ્યક્તિ માટે મોંઘવારીના જમાનામાં બાળકોને ભણાવવાનું કેટલું અઘરૂં છે. રવજીએ તો બાળકોને ભણાવવાની સાથે સાથે માં બાપની બિમારીમાં સારવાર પણ કરી. એ રીતે કુટુંબનું ભરણપોષણ કરતાં કરતાં આટલે આવ્યો હતો. તેને પોતાના સાથી કર્મચારીઓ પાસેથી સાંભળેલું કે કામના સ્થળે કામ કરતાં કરતાં કર્મચારીને કોઇ ઇજા થાય અને અંગ કંપાઇ જાય તો તેનું વળતર મળે છે એવો નિયમ છે.

નવાં કલેવર
- નટવર હેડાઉ

તેના મનમાં વિચાર આવ્યો. રવજી આ જ એક માર્ગ બચ્યો છે. વળતર રૂપે જે રકમ મળશે તેમાંથી મોટર સાયકલ આવી જશે. નહીંતર વ્યાજ`રકમ લઇશ તો જીવનભર વ્યાજ ભરતો રહીશ તોય મુદ્દલ તો ભરવાની રહી જ જશે.

રવજીએ રમાને પણ કહ્યું નહીં કે તેના મગજમાં શું ભમી રહ્યું છે. માં એ પૂછ્યું તો કહી દીધું કે લગ્નની બધી તૈયારી થઇ ગઇ છે. ચિંતા કરવાનું હવે કોઇ કારણ નથી. હવે મોટર સાયકલ લેવાની બાકી છે તે પણ આવી જશે. રમા અને માં બંને ચુપ થઇ ગયાં. તેણે નક્કી કરી દીધેલું કે કાલ ડ્યુટી પર જશે અને મશીનમાં પોતાનો અંગુઠો ફસાવીને કાપશે. તેનાથી જે વળતર મળશે તેમાંથી મોટર સાયકલ ખરીદી લઇને શ્યામાના હાથ પીળા કરશે. કોઇએ સાચું જ કહ્યું છે કે જે લોકો કદમતાલ કરે છે તે એક જ જગ્યાએ પગ પછાડ્યા કરે છે. આગળ વધી શકતા નથી. તેથી રવજીએ કદમતાલની બહાર નીકળવાનું વિચારી લીધું. તે પોતાના અંગભંગ દ્વારા ક્ષતિપૂર્તિ કરી લેશે. યોજનાને અમલમાં મુકવાનું પાકો નિર્ણય તેણે મનમાં કરી લીધો.

બીજો દિવસે નોકરીએ પહોંચ્યો. તેણે કોઇને કંઇ કહ્યું નહીં કે તેના મનમાં શું ચાલી રહ્યું છે. મશીન ઓપરેટ કરતાં તેણે તેના સહાયકને સૂચના આપી કે મશીનને સારી રીતે સાફ કરી દે. રોજની જેમ મશીનની બ્લેડોની ધાર બરાબર ચેક કરવી. સહાયકોએ બંને કામ પુરા કરી તેને જાણ કરી. તેણે મશીન ચેક કર્યું અને પછી કોમ્પ્યુટર દ્વારા સાઇડ કાપવા માટેનો કમાન્ડ આપી દીધો.

રવજીએ હવે મનમાં ગણેશ ભગવાનને યાદ કરી બે હાથ જોડી લોખંડની સીટો જરૂરિયાત મુજબ કાપવાનું શરૂ કર્યું. વિશાળ મશીન હતું. તેનો ઘડ ઘડ અવાજ કામ કરનારનાં મનમાં તેની વિનાશક તાકાતનો પરચો બતાવતો હતો.

એકાદ કલાક કામ કર્યા પછી રવજીએ મશીનના પ્રેસિંગ પેડાની નીચે પોતાનો હાથ ફસાવ્યો, સંજોગવશાત પેડ નીચે તેનો અંગૂઠો દબાઇ ગયો અને ક્યડાઇને છૂંદો થઇ ગયો. લોહીની ધાર થવા લાગી. રવજીના મોંમાથી ચિત્કાર નીકળી ગયો.

સહાયકને ખબર પડી. તે તાત્કાલિક મશીનની સ્વીચ ઓફ કરી દીધી. તેને અસહ્ય દુઃખાવો થવા લાગ્યો. ચારે બાજુ હોહા થઇ ગઇ કે રવજીનો હાથ મશીનમાં આવી ગયો છે. આ વાત જંગલની આગની પેઠે ફેક્ટરીમાં ફેલાઇ ગઇ. એટલે સુધી કે મેનેજર સુધી પણ પહોંચી ગઇ.

મશીનો સાથે કામ કરતાં નાના મોટા સૌ કર્મચારી અધિકારીઓ એકઠા થવા લાગ્યા, દરેકના જીભે બસ એક જ વાત હતી, રવજીને સારૂં તો છે પણ લોહી વધારે વહી ગયું છે.

મેનેજર તરત જ સ્ટાફને આદેશ કર્યો કે, 'કર્મચારીને તાત્કાલિક હોસ્પિટલે પહોંચાડો. વિલંબ થવો ન જોઇએ.' વિભાગીય અધિકારીએ 'જી, સર' - કહ્યું અને જરૂરી કાગળો તૈયાર કરી દવાખાને મોકલી આપ્યો.

રવજીને ખબર પણ ન હતી કે કોણે અને ક્યારે દવાખાનામાં દાખલ કરી દીધો. આવા સમયે બધા એક થઇ જતા હોય છે. તે જરૂરી પણ છે. તેથી કામ તરત થઇ જાય છે. એકબીજાના સંબંધો લોહીનાં સંબંધ કરતાં પણ મોટુ ંકામ કરે છે, રવજીની પત્નીને સમાચાર મળ્યા તો એ ગભરાઇ ગઇ અને શ્યામા ને સાથે લઇ તરત દવાખાનાના પુરૂષ વોર્ડમાં પહોંચી જ્યાં રવજીની સારવાર ચાલુ હતી. તે બેભાન થઇ ગયેલ હતો.

તેને જ્યારે ભાન આવ્યું ત્યારે પલંગની પાસે લાગેલ સ્ટેન્ડ પર ગ્લુકોઝની બોટલમાંથી ગ્લુકોઝ ચડાવાઇ રહ્યો હતો. રવજીએ આંખો ખોલી તો માં અને રમાને જોઇ હતી. તે હતપ્રભ હતી. રમાએ શંકરને કહ્યું. સાવચેતીથી કામ કરવું જોઇએ ને!

'ભગવાનની જે ઇચ્છા. તે ધારે તેમ થાય છે.' રવજીએ માંની તરફ જોઇને કહ્યું.

'ભગવાનનું નામ તો ભીખારીઓ લે છે. જે તેના નામે ભીખ માગે છે.' તમે તો કમાયા ધમાતા વ્યક્તિ છો, તમને કંઇ થઇ જાય તો અમારૂં શું થાત? એનો વિચાર કર્યો છે. રમા એ આંખમાં આંસુ સાથે કહ્યું.

રવજીએ સાજા થતાં એક મહિનો લાગ્યો. દવાખાનેથી રજા આપ્યા બાદ એક દિવસ એ ઘરે હતો ત્યારે વેલફેર નિરીક્ષકે ડોરબેલ વગાડી. શ્યામાએ બારણું ખોલ્યું. તેને કહ્યું કે 'હું ફેકટરીમાં વેરફેર નિરક્ષક છું. રવજીનો અંગૂઠો મશીનામાં આવવાથી કપાઇ ગયેલો. તેના વળતરની અવેજીમાં મુખ્ય મેનેજરે પચાસ હજારનો ચેક મોકલ્યો છે.'

'પપ્પા અંદર છે, તમે સોફા પર બેસો. હું તેમને બોલાવી લાવું છું. શ્યામાએ કહ્યું, તે ઉતાવળા પગે રવજી પાસે જઇ બોલી,' તમારી ઓફિસમાંથી પચાસ હજારનો ચેક લઇને અંકલ આવ્યા છે.' મેં તેમને બેઠકરૂમમાં બેસાડ્યા છે. તમને બોલાવે છે.

'સારૂં' રવજીએ કહ્યું. તે અંદરથી બહાર આવી બેઠક રૂપમાં આવ્યો. વેલફેર નિરીક્ષકને પ્રણામ કર્યો. તે સમજી ગયો કે અંગૂઠો કપાયેલ તેના અવેજમાં સરકાર તરફથી વળતર પેટેનો ચેક આવ્યો છે. ચેક લેતાં રવજીની આંખો ભીંની થઇ ગઇ. ખિસ્સામાંથી રૂમાલ કાઢી તેને આંસુ લૂછ્યા. રવજી ચેક મળતાં ચિંતા મુક્ત થઇ ગયો. હવે તે મોટર સાયકર ખરીદી કરી શકશે. ભલે તેણે અંગૂઠો ખોવો પડ્યો.

- સમાપ્ત

સંભારણાની સ્ટ્રેટ ડ્રાઇવ..!! ક્રિકેટ લવર્સ માટે સચિનની યાદો..!!

સચીનની નિવૃત્તિના માસ્ટર સ્ટ્રોક સાથે જ ક્રિકેટ સાથે જોડાયેલાં પ્રેમીઓ એની એકાદી અવિસ્મરણીય ઇનિંગ કે ઘટના યાદ કરીને રોમાંચિત થઇ રહ્યાં છે

અમદાવાદના સ્ટેડિયમ છ રસ્તા પાસે અમે ચાર-પાંચ માર્કેટીંગની નોકરી કરતાં મિત્રો બપોરના આશરે દોઢેક વાગે એક ગલ્લે ઊભાં હતા અને એવામાં એ સ્ટેડિયમ કુદાવીને એક બોલ રસ્તા પર આવીને પડ્યો. ગલ્લા પર પૂછતાં ખબર પડી કે સરદાર પટેલ સ્ટેડિયમ ખાતે મુંબઇ-ગુજરાતની રણજી મેચ ચાલે છે, આ વાત છે ૧૮૮૮ની, અમે પાંચેય જણાં એ ગલ્લે જ સ્કૂટર પાર્ક કરી,મેચ જોવા અંધર ઘુસી ગયા. સચિન તેંડુલકર અને વિનોદ કાંબલી બંને ક્રિઝ પર હતા અને ગુજરાતનાં બોલરોની બરોબર ધુલાઇ કરતા હતા, બે વિકેટે ૧૭ રનનાં સ્કોરથી ઉભરેલા આ બંનેમે મેદાન પરનાં ફિલ્ડરો કરતાં બાઉન્ડ્રી લાઇને ઊભેલાં ગ્રાઉન્ડ બોયને થકવી નાંખેલા... બંનેની ડબલ સેન્ચુરી અમે ત્યાં જોયેલી અને ત્યારે જ સૌ બોલી ઉઠ્યાતાં કે સાલાં છે તો ટેણીયાઓ પણ ધુંઆધાર રમે છે... સચિને ૨૪ વર્ષની કેરિયરમા કેટલાંય રેકોર્ડ કર્યા કે સદી મારી પણ મેં મારી લાઇફમાં માણેલી આ ઇનિંગ મારા માટે સદાય અવિસ્મરણીય અને રોમાંચિત કરનારી રહી છે...

ક્રિકેટને પ્રેમ કરનારા અને માણનારાં સચિનનાં અવશ્ય ચાહક હોય જ. આ વાંચનારા સૌ કોઇને એની એકાદી ઇનિંગ કે ઘટના એની નિવૃત્તિના માસ્ટર સ્ટ્રોક વખતે સૌ કોઇ યાદ કરી રોમાંચિત થઇ રહ્યું છે... અમિતાભ બચ્ચન, લતા મંગેશકર અને રમાકાન્ત આચરેકર આ ત્રણેય એનાં દીવાના રહ્યાં છે. આમ તો સૌને કોઇ ને કોઇ રીતે સચિન યાદ આવે જ પણ વાત જયારે એના સંભારણાનાં સ્ટ્રેટ ડ્રાઇવની છે ત્યારે દરેકની ચોંઇસ અલગ હોય જ એમ આ ત્રણેયનું છે...

Hello ફ્રેન્ડસ!
- સંજય થોરાત

અમિતાભ અભિનયનો શહેનશાહ તો સચિન ક્રિકેટનો માસ્ટર-બ્લાસ્ટર, બંને પોતાના ક્ષેત્રનાં શિખરે બિરાજમાન અને બંને મિત્રોય ખરાં. અમિતાભ જયારે ભારતે વર્લ્ડકપ જીત્યો ત્યારે પોતાની ગાડીમાંથી બહાર નીકળીને રસ્તા પર અન્ય લોકો સાથે વિજય મનાવવાં ઉતરી પડ્યો હતો. સચિનનું વર્લ્ડકપ જીતવાનું સ્વપ્ન હતું અને એણે વિર્લ્ડકપ જીતવાં ઘણાં વર્ષોનો ઇંતેજાર કરવો પડેલો એનું દુઃખ અમિતાભનેય હતું. અમિતાભને સચિન સિવાયનાં ક્રિકેટની કલ્પના જ દુઃખદાયક લાગે છે. આમ તો એને ક્રિકેટમાં વિશેષ જાણકારી નથી પણ સચિન સાથે દોસ્તી થયાં બાદ એ ઘણું શીખી ગયેલો. મિત્રનાં નાતે સચિન અમિતાભની ખબર કાઢવા છેક દવાખાને પહોંચી જાય પણ એનાં પિક્ચરનાં પ્રિમિયરમાં જવાની 'ના' પાદી દે. અમિતાભની પાર્ટીમાં હાજર રહે અને એટલું સહજ વર્તન કરે કે આવનારી અન્ય સેલેબ્રિટીને આશ્ચર્યજનક જ લાગે....

શારજાહમાં રમાયેલો ત્રિકોણીય જંગ ૧૯૯૮ ની ૨૪મી એપ્રિલ અને ઓસ્ટ્રેલિયા જેવી વર્લ્ડ ચેમ્પિયન ટીમ. ભારત માટે મરો યા કરો જેવી મેચ હતી. અને સવારે નેટ પ્રેક્ટિસમાં એણે અંશુમાન ગાયકવાડને કીધું આજે હું કંઇક મોટી અને વિશિષ્ટ ઇનિંગ રમવાનો છું... ધૂળની આંધી વચ્ચે ચોકા-છક્કાની રમઝટ અને ક્રિકેટ વિશ્વને સ્તબ્ધ કરતી ઇનિંગ એ આ લખનાર માત્રની નહીં એનાં જેવા લાખો ક્રિકેટ પ્રેમીઓને આજેય યાદ હશે. અમુક ઑવરમાં અમુક રનનાં ટાર્ગેટ સચીને સર કરીને ભારતને ફાઇનલમાં પહોંચાડી દીધું. બે દિવસ બાદ ફાઇનલ અને એમાંય એકશન રિપ્લેની જેમ જ સચીને ધુંઆધાર સદી ઠોકી દીધી. ઉપરાછાપરી બબ્બે સદીએ શેન વોર્નનાં સ્વપ્નામાંય સચીન આવવા લાગ્યો એવી ધાક સાથે ઓસ્ટ્રેલિયા સામેનો વિજય અને બંને તોફાની સદી આજેય સૌના સ્મરણમાં છે...

લતા મંગેશકર એટલે સંગીત સામ્રાજ્ઞી અને એનેય ક્રિકેટ પ્રત્યે એટલો જ લગાવ, એમાંય સચિન આવ્યો, લતા સ્વીકારે છે કે શરૂઆતમાં તો માત્ર આમચી મુંબઇના કારણે લગાવ થયો પણ પછી તો સચીન બેટીંગમાં આવે ત્યારે ગણપતીદાદાને દીવો કરીને એ મેચ જોવા બેસતાં. સચીનને એમણે દીકરો માનેલો છે. સચીનને જયારે ટેનિસ એલ્બો ઇજરી થયેલી ત્યારે એમણે પુષ્કળ પૂજા-અર્ચના કરેલી. સચિનનાં પિતાનાં અવસાન બાદ સચિન ફરી વર્લ્ડકપ રમવા ઇંગ્લેન્ડ જઇ એણે ઝીમ્બાબ્વે સામે ફટકારેલી સદીથી સચીન તો મેદાન પર જ રડી પડેલો, પણ લતા તો આજેય એ દિવસ યાદ આવે તો અશ્રુ સારી લે છે, એવો છે બંનેનો પ્રેમ...

સચીને કરેલી નિવૃત્તિની જાહેરાતથી એમાનાં શિવાજી પાર્કનાં શારદાશ્રમ સ્કૂલના સૌ પણ યાદો વાગોળે છે. નાનપણમાં અત્યંત શરમાળ એવો સચિન રમાકાન્ત આચરેકર પાસે બોલરની ટેનિંગ લેવા ગયેલો એ દિવસો બોલિંગ પ્રેકટીસમાં વધુ ખેલાડી હતા અને બેટ્સમેન નહોતા એટલે આચરેકરે એને બોલરોને પ્રેકટીસ કરાવવા એને બેટ પકડવાં કહ્યું... સચીનને બોલ્ડ કરવા બોલરોએ પરસેવો પાડી દીધો પણ એ બોલ્ડ થયો જ નહીં, ત્યારે જ આચરેકરે એને બેટ્સમેન તરીકે તૈયાર કરવાનું બીડું ઝડપ્યું. કોચ એનાં ત્રણેય સ્ટમ્પ પર એકએક રૂપિયાનો સિક્કો મુકી પ્રેકટીર કરાવતા, જો રૂપિયો ના પડ્યો તો એ તમારો, અને સચીને એવાં રૂપીયાનો આખો ગલ્લો ભર્યો છે....

ચહેરા પરથી શાંત દેખાતો સચિન એ મેદાન પર ખુબ મસ્તીખોર હતો. માત્ર ક્રિકેટમાં કરિયર બનાવવા ખાતર જ સચીન શારદાશ્રમ સ્કૂલમાં ગયેલો. કલાસમાં ક્યારેય શિક્ષક પ્રશ્ન પુછે તો તો નીચી મૂડીએ ધીમા અવાજે બોલતો, સચીન અબોલ હતો. સચીન કલાસમાં ઓછું ને મેદાન પર વધુ રહેતો, એની નોટ જયારે પણ હોમવર્ક ચેક કરવા માટે માંગે ત્યારે કોરી જ મળતી. વર્ગમાં એ હંમેશા ચોથી બેન્ચ પર બેસતો અને એટલે જે ટેસ્ટમાં એણે એની બેટીંગ લાઇન અપ ચોથા ક્રમે જાળવી રાખેલી... આચરેકરને સચિન-કાંબલીમાં કાંબલી વધુ ગમતો હતો. સચીન બ્રાહ્મણ અને કાંબલી દલીત હોવા છતાં બંનેની દોસતી અને રનની ભાગીદારી વખાણવા લાયક રહી છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

ટ્રેજેડી એટલે શું? વાસ્તવિક જીવનમાં ટ્રેજેડી સર્જાય ત્યારે?

ટ્રેજેડી એટલે શું? ઉદાત શોકાન્તિક નાટક, કોઈ દુઃખદ ઘટના યા કોઈ ગંભીર ઘટના કે અકસ્માત. ગ્રીક શબ્દ "ટ્રેગોઈડિયા" (tragoidia) પરથી ટ્રેજેડી શબ્દ આવ્યો. ગ્રીક નાટક - ગ્રીક ટ્રેજેડી દુનિયામાં અવ્વલ ગણાય છે. મહાન નાટ્યકાર - સાહિત્યકાર શેક્સ્પિઅર પણ ટ્રેજિક પ્લે માટે જાણીતા છે. સાહિત્યસર્જનમાં ટ્રેજેડી હૃદયને હલબલાવી દેતી હોય છે. બીજી તરફ વાસ્તવિક જીવનમાં ટ્રેજેડી સર્જાય ત્યારે?

ગુજરાતી સાહિત્યમાં ખંડકાવ્યનું અવતરણ કરાવનાર કવિ કાન્ત (મણિશંકર રત્નજી ભટ્ટ)ના જીવનની વિડંબનાઓ પણ કોઈ ટ્રેજેડીથી કમ નથી. બાળ વયે પિતાનું મોત, લગ્ન પછી થોડા વખતમાં પત્નીનું મોત, ૧૦ વર્ષના દીકરાનું મોત, ધર્મ પરિવર્તન કરવાનો સંજોગ, ખુબ જાણીતો કાવ્યસંગ્રહ "પૂર્વાલાપ" પ્રગટ થયો એ જ દિવસે કાશ્મીરના પ્રવાસેથી પાછા ફરી રહેલા કવિ કાન્તનું ટ્રેનના ડબ્બામાં જ અવસાન.

મણિલાલ નભુભાઈ દ્વિવેદી એટલે ગુજરાતી પંડિતયુગના વિદ્વાન સર્જક - કવિ. ટૂંકો જીવનકાળ અને વિપુલ સર્જન. તા. ૧લી ઑક્ટોબર, ૧૮૯૮ના દિવસે તેઓ ગાદી પર બેસીને તકિયા ઉપર કાગળ મૂકીને લખી રહ્યા હતા અને લખતા લખતા પેન પડી ગઈ. છેલ્લા શ્વાસ સુધી તેઓએ સાહિત્ય સર્જન કર્યું એમ ખરા અર્થમાં કહી શકાય. શું આ ટ્રેજેડી નથી?

ગુલમહોર
- દિનેશ દેસાઈ

કવિ પિતા-પુત્ર દલપતરામ અને ન્હાનાલાલની વાત પણ કરીએ. ગુજરાતી કવિતામાં દલપતરામનું નામ કોઈ પરિચયનું મોહતાજ નથી. મહાન કવિના પુત્ર ન્હાનાલાલ પણ કાવ્યસર્જન કરે છે, એ વાત તેઓએ સંકોચને લઈને પિતાને કહી નહોતી. ન્હાનાલાલે 'પ્રેમભક્તિ' ઉપનામ સાથે એક કાવ્ય કોઈ સાહિત્યસામયિકમાં મોકલાવ્યું હતું. દલપતરામના ધ્યાનમાં આ સામયિક અને કાવ્ય આવ્યું ત્યારે તેઓએ કાવ્ય નબળું હોવા અંગે ભારે ટીકા કરી, એ વખતે તેમની બરાબર સામે જ ન્હાનાલાલ બેઠા હતા. એ વખતે પિતાની ટીકા સાંભળી રહેલા કવિપુત્રની મનોસ્થિતિ શું હશે, એ સમજી શકાય છે. આ પણ એક ટ્રેજેડી જ છે ને.

અમદાવાદના એલિસબ્રિજ વિસ્તારમાં તેઓ રહેતા. જ્યારે કવિશ્વર દલપતરામ બીમાર હતા અને ઘરમાં ઉપરના મજલે જીવનના છેલ્લા શ્વાસ લઈ રહ્યા હતા ત્યારે નીચે રહેલા ન્હાનાલાલ કવિતા રચી રહ્યા હતા. છેલ્લા શ્વાસ સુધી દલપતરામને એ વાતની ખબર નહોતી કે તેમના પુત્ર પોતાના કવિસંસ્કાર - સાહિત્યસંસકાર આગળ વધારી રહ્યા છે અને ગુજરાતી સાહિત્યના ઉત્તમ કોટિના ઊર્મિકવિ બનવા તરફ ગતિ કરી રહ્યા છે. આ પણ એક ટ્રેજેડી જ છે ને?

ગુજરાતી સાહિત્યમાં પણ ઘણી બધી ટ્રેજેડી પ્રકારની ઘટનાઓ મોજુદ છે. ગુજરાતી ગઝલનું આદરપાત્ર નામ એટલે ગઝલ શિરોમણિ 'મરીઝ'. તેઓએ આર્થિક કટોકટી નિવારવા પોતાની ગઝલો મુંબઈમાં જ રહેતા ડૉ. ચંદ્રશંકર ઠુક્કરને વેચી હોવાની વાત જાણીતી છે. આ ડૉ. ઠુરે પોતે 'તબીબ' ઉપનામ રાખીને 'દર્દ' નામે ગઝલસંગ્રહ પ્રગટ કર્યો, કે જેમાં તમામ ગઝલો 'મરીઝ'ની જ હતી. એ વખતે 'મરીઝ'નો પક્ષ લઈને ગઝલકાર 'શૂન્ય' પાલનપુરીએ સમગ્ર ઘટનાક્રમ આધાર-પુરાવા સાથે જાહેર કરતાં જ ચકચાર મચી ગઈ હતી. એ વખતે 'શૂન્ય' પાલનપુરીએ લખ્યું હતું કે -

"પીતા બધા જ થઈ ગયા, સૂરાની આબરુ ગઈ,
'મરીઝ' થઈ ગયા 'તબીબ' ને પતી ગયો ઈલાજ,
રહી ન શાન 'દર્દ'ની, દવાની આબરુ ગઈ."

દુનિયાભરમાં ખુણે-ખુણે ટ્રેજેડીના કિસ્સા મળી આવે.

ટ્રેજેડી એટલે શું? દુનિયામાં સૌથી વધુ લોકોને હસાવનાર અને દુનિયામાં સૌથી વધુ લોકોને રડાવનાર બે વ્યક્તિઓમાં રહેલી એકથી વધુ સામ્યતાને તમે શું કહેશો? વાત છે, ચાર્લી ચેપ્લિન અને સર ઍડૉલ્ફ હિટલરની. બેઉના ચહેરા, મુછો, શરીરનો બાંધો અને બૉડી-લૅન્ગ્વેજ. ૨૦મી સદીના પૂર્વાર્ધમાં આ બેઉ વ્યક્તિત્વ દુનિયાભરમાં છવાયેલાં રહ્યાં.

દુનિયાને હસાવનાર ચેપ્લિન સાથે ઘણી બધી ટ્રેજેડી જોડાયેલી રહી. સને ૧૯૧૫માં તેમનો સિતારો બુલંદ હતો ત્યારે અમેરિકામાં "ચાર્લી ચેપ્લિન લૂક અલાઈક કૉન્ટેસ્ટ" યોજાઈ હતી. એવી જ સ્પર્ધા સ્વિત્ઝર્લેન્ડમાં પણ મૉન્ટે કાર્લો શહેરમાં યોજાઈ હતી. જેમાં ઘણા બધા સ્પર્ધકો મોજુદ હતા. ટ્રેજેડી એ છે કે આ સ્પર્ધામાં ચેપ્લિને નામ બદલીને સ્વયં ભાગ લીધો હતો - પોતાના જેવા દેખાવા માટેની આ સ્પર્ધામાં તેઓ ખુદ ત્રીજા નંબરે આવ્યા હતા. શું આ ટ્રેજેડી નથી?

બાળસાહિત્યની દુનિયામાં ડૉ. સુએઝ કૃત સ્ટૉરી-બૂક "ગ્રીન ઍગ્સ્ ઍન્ડ હૅમ" માત્ર ૬૨ પાનાંની છે, જે બેસ્ટ સૅલર છે. જે ફક્ત ૫૦ શબ્દો વાપરીને લખવામાં આવી છે. પૉલિશ લેખક જર્ઝી ઍન્ડ્રૂજેવ્સ્કી કૃત નૉવેલ "ગેસ્ટ ઑફ પેરેડાઈઝ"માં ૪૦,૦૦૦ શબ્દો છે. પરંતુ આ નૉવેલ ફક્ત બે વાક્યની જ છે અને તેમાં પણ બીજું વાક્ય ચાર જ શબ્દનું છે. ફ્રેન્ચ લેખક મિશેલ ડેન્સિલે "મિશેલ થેલર" એવું ઉપનામ રાખીને લખેલી નૉવેલ "ધ ટ્રેન ફ્રૉમ નૉ વૅર"માં તેમણે એક પણ ક્રિયાપદનો પ્રયોગ કર્યો નથી. વિશ્વની કુલ વસતીમાં મુસ્લિમ જનસંખ્યા ૨૩ ટકા છે અને વિશ્વમાં મોહમ્મદ નામની વ્યક્તિઓ ૧૫૦ મિલિયનથી વધુ છે. આ નામ પણ ૧૪ પ્રકારના સ્પેલિંગથી લખાય છે. આ બધી ટ્રેજેડી જ છે ને!

આજથી દોઢ સો વર્ષ પહેલા ભારત અને ભારતીય સાહિત્ય વિશે "ચુર માત્રામાં લેખનકાર્ય કરનાર લેખક મૅક્સ મૂલરનું નામ જાણીતું છે. તેઓને ભારત માટે એવ